# આન્સર કી અંગે

| | |
|---|---|
| પ્રશ્ન:-1 | Provisional Answer Key અથવા Final Answer Key અથવા Result કયારે પ્રસિધ્ધ કરવામાં આવશે? |
| જવાબ | Provisional Answer Key અથવા Final Answer Key અથવા Result તૈયાર કરવામાં જુદા જુદા કારણોસર જુદો જુદો સમય હોઈ તે પ્રસિધ્ધ કરવાની તારીખ અગાઉથી આયોગ દ્વારા જાહેર કરવામાં આવતી નથી. આ સંદર્ભે ઉમેદવારોને આયોગની વેબસાઈટ જોતા રહેવા વિનંતી છે. વિના વિલંબે તમામ કાર્યવાહી કરવા આયોગ પ્રયત્નશીલ છે. |
| પ્રશ્ન:-2 | પ્રોવિઝનલ આન્સર કી પરીક્ષા પૂર્ણ થયા બાદ તુરંત કેમ જાહેર કરવામાં આવતી નથી? |
| જવાબ | પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરતા પહેલા સાચા જવાબોની ચકાસણી/પુનઃચકાસણી આવશ્યક હોઈ પરીક્ષાના બીજા દિવસે જાહેર કરવામાં આવે છે. |
| પ્રશ્ન:-3 | પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધો રજૂ કરવા માટે પ્રતિ વાંધો રૂ.૧૦૦/-ની ફી ફરજીયાત છે.? |
| જવાબ | હા, પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધો રજુ કરવા માટે ટોકન ફી રૂ.૧૦૦/- પ્રતિ વાંધો ફરજીયાત છે.<br>અગાઉ આયોગ ખાતે ખુબ જ મોટી સંખ્યામાં પુનરાવર્તિત અને આધાર વગરના વાંધાઓ રજૂ કરવામાં આવતા હતા. ખુબ જ મોટી સંખ્યામાં એક સમાન વાંધાઓની ચકાસણીમાં અતિશય સમય અને માનવબળનો વ્યય થતો હતો, જેના પરિણામે આન્સર કી ફાઈનલ કરવામાં ખુબ સમય અને શક્તિનો વ્યય થતો હતો. માત્ર અધિકૃત આધાર, સચોટ અને ગંભીર વાંધાઓ રજુ થાય જે ખરેખર આન્સર કી ફાઈનલ કરવામાં જરૂરી અને મદદરૂપ હોઈ તે જ આયોગ ખાતે રજુ થાય તેવા શુભ આશયથી ટોકન ફી દાખલ કરવામાં આવેલ છે. |
| પ્રશ્ન:-4 | ફાઈનલ આન્સર કી ઈસ્યુ કરવામાં વિલંબ કેમ થાય છે? |
| જવાબ | પ્રોવિઝનલ આન્સર કી સાથે મળેલ પ્રત્યેક વાંધાની સંપૂર્ણ ઊંડાણપૂર્વક ચકાસણી કર્યા બાદ પ્રોવિઝનલ આન્સર કી ફાઈનલ કરવામાં આવે છે. આ વાંધાઓની વિષય નિષ્ણાંત મારફત અધિકૃત સ્ત્રોત સાથે ચકાસણી કરાવવામાં આવે છે. ઘણી વખતે અમુક પ્રશ્નો જટીલ હોય છે, જે આ ચકાસણીનુ કાર્ય વધુ જટીલ બનાવે છે. આ એક |

| | |
|---|---|
| | અતિ ચોક્સાઈવાળી વિગતવાર ચકાસણી હોઈ, ફાઈનલ આન્સર કી ઈસ્યુ કરવામાં થોડો વધુ સમય લાગે છે. |